બાપુ, હવે શિખ્યો આવે તેવું લાગતું નથી. કહે છે, યુરોપમાં 'ગૉડ પાર્ટીકલ' શોધી કઢાયા છે. બધા હવે યુરોપ ભેગા થવામાં છે .....!!

શિક્ષકોની ભરતી પ્રક્રિયાની રાહ જોતાં હજારો ઉમેદવારો..!!

ગાંધીનગર, તા. ૮

ગુજરાત રાજ્ય સરકારી પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાઓમાં ભરતી કરવા માટે આ વર્ષે TAT - માધ્યમિક, TAT-ઉચ્ચત્તર માધ્યમિક, TET-પૂર્વ પ્રાથમિક, અને TET-ઉચ્ચ પ્રાથમિક કક્ષાની પરીક્ષાઓ લીધી છે. આ ચાર પરીક્ષાઓમાંથી ત્રણ પરીક્ષાના પરિણામ ઉમેદવારોના હાથમાં આવી ગયા છે અને હવે સૌ ભરતી પ્રક્રિયાની કાગડોળે રાહ જોઈ રહ્યા છે.

ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ અને માધ્યમિક વિભાગની પરીક્ષા TATનું તથા પી.ટી.સી. થયેલા ઉમેદવારોની TET પરીક્ષાનું પરિણામ ગત માસમાં આવી ગયું હતું. પરીક્ષા પૂર્વે શિક્ષણ વિભાગ દ્વારા જૂન કે જુલાઈમાં ભરતી થશે તેવા સમાચાર સૌ ઉમેદવારોને મળ્યા હતા તેથી સૌ ખુશ હતા. પરંતુ જૂન ગયો, જુલાઈ આવ્યો છતાં ભરતી પ્રક્રિયાની કોઈ કાર્યવાહી શિક્ષણ વિભાગ દ્વારા ન થતાં સૌ ઉમેદવારો નિરાશ અને હતાશ બન્યા છે.

ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, ભાવનગર, પાલનપુર જેવા મોટા શહેરોમાં TET અને TATના વર્ગો ચાલતા હોવાથી શિક્ષક બનવા થનગની રહેલા ઉમેદવારોએ પચાસ હજાર કે લાખ રૂપિયા સુધીની ફી ભરીને વર્ગોની તાલીમ મેળવી હતી. પણ પરીક્ષાઓમાં આ વર્ગોમાંથી કશું ન પુછાતા સૌ નિરાશ થયા હતા. જે ઉમેદવારોએ સતત અને સઘન શિક્ષણ કાર્ય તથા શૈક્ષણિક વાંચન અને મનન કર્યું હતું. તેવા ઉમેદવારોના ગુણ સારા આવતા હવે ભરતી પ્રક્રિયાની રાહ જોઈ રહ્યા છે. ધોરણ-૧ થી ૫, ધોરણ ૯ થી ૧૦ અને ધોરણ ૧૧ થી ૧૨ના પરીક્ષા પાસ કરેલા ગુજરાતના તાલીમી અને અનુભવી ઉમેદવારો સરકારને જેમ બને તેમ જલદી ભરતી પ્રક્રિયા કરવા વિનંતી કરી રહ્યા છે.

ટેટની પરીક્ષા આપીને ગત રોજ નિકળેલા કેટલાક ઉમેદવારો તો એવુ પણ કહેતા હતા કે, 'સરકાર માત્ર પૈસા ભેગા કરવા TET અને TAT ની પરીક્ષા લઈ રહી છે. કેમ કે, પરીક્ષા લીધા પછી કોઈ ભરતી પ્રક્રિયા તો થતી જ નથી.

બીબીએની ૧૧૫૦ ખાલી બેઠક માટે રિશફલીંગ થશે

અમદાવાદ, તા. ૮

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ૧૫ બીબીએ કોલેજોની ૨૪૦૦ બેઠકો માટે ૫ જુલાઈથી હાથ ધરાયેલી પ્રવેશ પ્રક્રિયા શનિવારે પૂર્ણ થયા બાદ કુલ ૧૧૫૦ બેઠકો ખાલી રહી હતી.

આ બેઠકો માટે રિશફલીંગની પ્રક્રિયા હાથ ધરાશે. ગુજ.યુનિ.ના પ્રવેશ કમિટી દ્વારા ૫ જુલાઈથી હાથ ધરાયેલી ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયામાં કુલ ૨૪૨૦ બેઠકોમાંથી ૧૨૫૦ બેઠકો ભરાઈ હતી. જેમાં ગુજરાત બોર્ડના ૧૧૯૫ અને અધર્સ બોર્ડના ૫૫ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો. જ્યારે ૧૧૫૦ બેઠકો ખાલી રહી હતી.

ખાલી રહેલી ૧૧૫૦ બેઠકોમાંથી શહેરની અગ્રણી કોલેજોમાં એચ.કે. કોલેજમાં ૩૪ બેઠકો, જીએલએસ કોલેજમાં ૨ બેઠકો, એલ.જે. કોલેજમાં ૪૫ બેઠકો, એન.આર. કોલેજમાં ૬૦ બેઠકો, ચીમનભાઈ કોલેજમાં ૪૧ બેઠકો, સોમલલીત કોલેજમાં ૧૪ બેઠકો અને કે. કા. શાસ્ત્રી કોલેજમાં ૩૫ બેઠકો મળી કુલ ૨૧૫ બેઠકો ખાલી રહી છે. આ બેઠકો ઓપન કેટેગરીમાં તબદીલ કરવામાં આવશે. ખાલી રહેલી બીબીએની ૧૧૫૦ બેઠકો અને બીસીએની ૭૧ બેઠકો માટે આગામી દિવસોમાં રિશફલીંગની પ્રક્રિયા હાથ ધરાશે.

ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ અને હિન્દી માધ્યમની ટેટ પરીક્ષા એક જ દિવસે હોવાથી કેટલાક ઉમેદવારો નારાજ

ગાંધીનગર, તા. ૮

ગુજરાત રાજ્ય, પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા ગત રોજ ધોરણ-૬ થી ૮માં શિક્ષક બનવા માંગતા ઉમેદવારો માટે TET-2 ની પરીક્ષા લેવાઈ હતી. ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ અને હિન્દી માધ્યમની આ પરીક્ષા એક જ દિવસે લેવાઈ હતી. જેથી બે માધ્યમ કે ત્રણેય માધ્યમમાં ઉમેદવારી નોંધાવતા તાલીમી શિક્ષકો માટે નિરાશાજનક પગલું હતું. જો એક જ તારીખે પરીક્ષા લેવાની હતી તો બે માધ્યમમાં ફોર્મ ભરતા ઉમેદવારો પાસેથી બંને માધ્યમની ફી શા માટે લીધી ? ઉમેદવારોનો યક્ષ પ્રશ્ન !

ગુજરાતી માધ્યમમાં ભાષાનો શિક્ષક હોય તે અંગ્રેજી માધ્યમમાં કે હિન્દી માધ્યમની શાળામાં જોડાઈ શકે છે. તેવી જ રીતે ગણિત વિજ્ઞાન કે સામાજિક વિજ્ઞાનનો શિક્ષક પણ હિન્દી માધ્યમમાં ઉમેદવારી નોંધાવી શકે છે.

જે ઉમેદવારોએ એક કરતા વધારે માધ્યમના ફોર્મ ભર્યા હતા અને પરીક્ષા આપવા માંગતા હતા તેઓના કોલ લેટર એટલે કે હોલ ટિકિટ તો નિકળી પણ તેની પરીક્ષાનો સમય અને તારીખ એક જ હતી. દા.ત. ગુજરાતી વિષયની અંગ્રેજી માધ્યમની શાળામાં ઉમેદવારી કરનાર વ્યક્તિએ ગુજરાતી માધ્યમમાં પણ ફોર્મ ભર્યું હતું. બન્યું એવું કે, આ ઉમેદવારને ૧૧ થી ૧ દરમિયાન ગાંધીનગરમાં અને અમદાવાદની શાળામાં નંબર આવ્યો હતો. આવી પરિસ્થિતિમાં જે તે ઉમેદવારે માત્ર એક જ સ્થળ પસંદ કરી પરીક્ષા આપવાની બની હતી.

શિક્ષણ વિભાગ ગુજરાતી માધ્યમના શિક્ષકોની ભરતી, અંગ્રેજી માધ્યમના શિક્ષકોની ભરતી તથા હિન્દી માધ્યમના શિક્ષકોની ભરતીમાં એક જ માધ્યમમાં પરીક્ષા આપનાર ઉમેદવારોની અન્ય માધ્યમમાં અરજી સ્વીકારશે ખરી ! આ પ્રશ્ન દરેક નોકરીવાંચ્છુક ઉમેદવારોને સતાવી રહ્યો છે.

સરકાર આ બાબતે યોગ્ય સ્પષ્ટતા કરે અથવા અન્ય માધ્યમમાં જોડાવા માંગતા ઉમેદવારોને પરીક્ષા આપવાની તક આપે તેવું સૌ ઉમેદવારો ઈચ્છી રહ્યા છે.

શબ્દ સરવાણી

દોહો

મન લોભી મન લાલચી મન ચંચળ મન ચોર
મન કે મતે ન ચાલીએ, પલક પલક મન ઓર

જોડકણું

ચાલી ચીલે ગાડી ચલે, ચીલે ચલે કપૂત
પણ આ ચીલે નવ ચલે, ઘોડા, સિંહ, સપૂત

સુભાષિત

પરાગ જો અંતરમાં હશે તો પાંગરીને કદી પુષ્પ ખીલશે
મનોરથો સ્વપ્ન મહીં હશે તો સિદ્ધિ રૂપે કાર્ય વિષે જન્મશે

ચોપાઈ

પર ઉપદેશ કુસલ બહુતેરે
જે આચરહિં તે નર ન ઘને રે
(લોકો બીજાને શિખામણ આપવા માટે જેટલા હોશિયાર હોય છે તેટલા આચરણ કરી બતાવવામાં નથી હોતા.)

સોરઠો

ચિંતામણિ નરદેહ, મૂઆ પછી મસાણમાં
તેની થાશે ખેહ, સાચું સોરઠિયો ભણે

છપ્પો

સૂઝ પડી તે સમજે સાર અન્ય કલ્પે ઉપલો વહેવાર
વાદળ ખોખું શોષે નીર, કાદવમાંથી પીએ હીર
એક પ્રપંચ પરમેશ્વર લહે અખો દેખી ચાખી કહે

શ્લોક

ઉદયે સવિતા રક્તઃ રક્તશ્ચાસ્તમને તથા
સંપત્સુ ચ વિપત્સુ ચ મહતામેકરૂપતા
(સૂરજ ઊગે ત્યારે લાલ હોય છે,
તે આથમે ત્યારે પણ લાલ હોય છે.
બસ એ રીતે મહાન પુરુષો પણ સુખ હોય કે દુખ,
એકસરખા જ સ્વસ્થ હોય છે.)

શીખ

લવિંગ કહે હું ચપટો દાણો, મારી ડીલે ટેકો
છ મહિના જો ખાવ, તો ઝલાવું લાકડી ટેકો

- સંકલન : પી એમ પરમાર 'દર્શન'

નેકના મૂલ્યાંકનમાં ગુજરાત યુનિવર્સિટીની ઍકેડેમિક સ્ટાફ કૉલેજ ગુજરાતમાં પ્રથમ ક્રમે

અમદાવાદ, તા. ૮

નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રિડીટેશન કાઉન્સિલ-નેક-દ્વારા દેશભરની કોલેજોનું મૂલ્યાંકન કરવામાં આવે છે. નેક દ્વારા થયેલા ગુજરાતની કોલેજોના મૂલ્યાંકનમાં ગુજરાત યુનિવર્સિટી એકેડેમીક સ્ટાફ કોલેજનો સમગ્ર ગુજરાતમાં પ્રથમ નંબર અને દેશભરમાં ૧૫મો નંબર આવ્યો છે.

નેક દ્વારા થયેલા મૂલ્યાંકનમાં ગુજરાત યુનિવર્સિટી એકેડેમિક સ્ટાફ કોલેજને ૧૦૦માંથી ૫૯ ગુણ પ્રાપ્ત થયા છે. જે સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ ગુણ છે અને દેશભરમાં ૧૫મા ક્રમે છે.

ભારતભરના કોલેજ અને યુનિવર્સિટીના અધ્યાપકોમાં ગુજરાત યુનિવર્સિટીની એકેડેમીક સ્ટાફ કોલેજ ખુબજ લોકપ્રિય છે એમ નેક કમિટીએ એકેડેમીક સ્ટાફ કોલેજને બિરદાવી છે. ગુજરાત યુનિવર્સિટીની એકેડેમીક સ્ટાફ કોલેજ દર વર્ષે ૧૭ રીફ્રેશર કોર્સ, ૪ ઓરીએન્ટેશન પ્રોગ્રામ, છ જેટલા શોર્ટટર્મ કોર્સ અને બે થી ત્રણ સેમીનાર કે વર્કશોપનું આયોજન કરે છે. તે ટુવર્ડઝ એક્સેલન્સ નામક રીફર્ડ નેશનલ જર્નલના પ્રકાશન દ્વારા દેશભરના શિક્ષણવિદોને તેમના સંશોધનો પ્રગટ કરવાની તક આપે છે.

આ સ્ટાફ કોલેજમાં દેશભરમાંથી પાર્ટીશીપન્ટસ, રીસોર્સ પરસન અને તજજ્ઞો આવતા હોય છે. તે સર્વે માટે અહીં રહેવા તેમજ જમવાની શ્રેષ્ઠ વ્યવસ્થા પણ કરવામાં આવે છે. ગુજરાત યુનિવર્સિટીની એકેડેમીક સ્ટાફ કોલેજના નિયામક ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ જણાવે છે કે, આ પરિણામ પ્રાપ્ત થયું તેનો શ્રેય કુલપતિશ્રી, રજીસ્ટ્રારશ્રી, એકેડેમીક સ્ટાફ કોલેજની એડવાઈઝરી કમિટીના સભ્યો, યુનિ. એક્ઝીક્યુટીવ કાઉન્સીલના સભ્યો, સેનેટ સભ્યો, પાર્ટીશપન્ટસ, રીસોર્સ પરસન અને તજજ્ઞોના માર્ગદર્શન અને સહકારને જાય છે. આ સિદ્ધિ સાંપડી તેમાં ગુજરાત યુનિવર્સિટીની એકેડેમીક સ્ટાફ કોલેજની સમગ્ર ટીમ ખાસ કરીને એસોસીએટ પ્રોફેસર અને નેકના કન્વીનર ડૉ. જગદીશ જોષીને તેમજ આસિસ્ટંટ પ્રોફેસર સી.જી. બ્રહ્મભટ્ટ અને વહિવટી કર્મચારીઓનો સહીયારો પુરૂષાર્થ છે.

૧૦૦માંથી ૫૯ ગુણ પ્રાપ્ત કરીને કૉલેજે સમગ્ર દેશમાં પંદરમો ક્રમ મેળવ્યો

ગુજરાત ફૉરેન્સીક સાયન્સ યુનિવર્સિટીની ઍડવાઈઝરી કમિટીની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૮

ગુજરાત ફૉરેન્સીક સાયન્સ યુનિવર્સિટીની પ્રથમ ઍડવાઈઝરી કમિટીની બેઠક આજે ઝારખંડ હાઈકોર્ટના જસ્ટીસ પી પી ભટ્ટના અધ્યક્ષપદે યોજવામાં આવી હતી.

આ બેઠકમાં કર્ણાટક ગૃહ વિભાગના નિવૃત્ત પ્રિન્સીપાલ સેક્રેટરી ડૉ. ઍસ ઍમ જામદાર, રાંચી ઈન્સ્ટીટ્યુટ ઑફ ન્યુરો સાઈકાઈટ્રી એન્ડ ઍલાઈડ સાયન્સીસ, રાંચીના નિયામક ડૉ. અમૂલ રાજન સિંઘ, કેડીલા ફાર્માસ્યુટીકલ્સ લિમિટેડ, અમદાવાદના ચૅરમૅન અને મૅનેજિંગ ડિરેક્ટર આઈ એ મોદી, મલીબુ પ્લાસ્ટીક પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદના મૅનેજિંગ ડિરેક્ટર જનક ડી પરીખ અને ભારત સરકારના ગૃહ વિભાગના નિવૃત્ત ચીફ ફૉરેન્સીક સાયન્ટીસ્ટ તથા ગુજરાત ફૉરેન્સીક સાયન્સ યુનિવર્સિટીના માનદ્ સલાહકાર ડૉ. ઍમ ઍસ રાવ હાજર રહ્યા હતા. આ પ્રસંગે જસ્ટીસ પી પી ભટ્ટના વરદ્ હસ્તે ગુજરાત ફૉરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીની નવી અદ્યતન માહિતી પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું.

ગુજરાત ફૉરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીના મહાનિયામક ડૉ. જે ઍમ વ્યાસએ સભ્યોને આવકાર્યા અને આ અગત્યની ઉચ્ચ કક્ષાની બેઠકનો હેતુ સ્પષ્ટ કર્યો. યુનિવર્સિટીએ ત્રણ વર્ષમાં કરેલી પ્રગતિની રજૂઆત પ્રૉ. વાય કે અગ્રવાલે કરી હતી. ડૉ. ઍમ ઍસ રાવે ફૉરેન્સીક સાયન્સની પ્રવર્તમાન સ્થિતિ અને ભવિષ્યના પડકારો વિશે માહિતી આપી હતી. ફૉરેન્સીક સાયન્સનો ઈન્ટીગ્રેટેડ પાંચ વર્ષનો અભ્યાસક્રમ શરૂ કરવા કમિટીએ ભલામણ કરી હતી. સૌ સભ્યોએ યુનિવર્સિટી સારી રીતે આગળ વધે અને ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળે તે બાબતે પોતાનાં સૂચનો આપ્યાં હતાં. આ બેઠકમાં ફૉરેન્સીક સાયન્સ ઈન્સ્ટીટ્યુટના નિયામક ડૉ. ઍમ ઍસ દહીયા, રીસર્ચ ઍન્ડ ડૅવલપમેન્ટ ઈન્સ્ટી.ના નિયામક પૉ. વાય કે અગ્રવાલ, બીહેવીયરલ સાયન્સ ઈન્સ્ટી.ના ઈન્ચા નિયામક ડૉ. આર ઍચ બાકરે અને રજિસ્ટ્રાર મેહુલ કે દવે ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર માધ્યમિક શાળાઓના વર્ગ-૪ના ૧૯ કર્મચારીઓની નિયમ વિરૂદ્ધ બદલીઓ

ગાંધીનગર, તા. ૮

ગુજરાત રાજ્ય સરકારી ચોથા વર્ગ કર્મચારી મહામંડળ ગાંધીનગરના પ્રમુખ રામેશ્વર લોટે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર ખાતે વર્ષોથી માધ્યમિક શાળામાં ફરજ બજાવતા વર્ગ-૪ના ૧૯ કર્મચારીઓની ગુજરાતના દૂર-દૂર જિલ્લામાં બદલી કરી છે જે રાજ્ય સરકારનાં નિયમ વિરૂદ્ધ છે.

માધ્યમિક શાળામાં ફરજ બજાવતા વર્ગ-૪ના ૧૯ કર્મચારીઓને દૂરના જિલ્લાઓમાં બદલી કરીને મુક્યા છે. સિનિયોરીટી મુજબ નવા વર્ગ-૪ કર્મચારીઓને ફેંકવા જોઈએ. પણ કમિશનર શાળાઓની કચેરીમાં નિયમો નેવે મુકીને કામ થતુ હોય તેવું વર્તાઈ રહ્યું છે.

રાજ્ય સરકારનાં નિયમ મુજબ વર્ગ-૪ની જિલ્લા બદલીઓ કરી શકાય નહી. માટે આ બાબતે સરકારે કમિશનર શાળાઓની કચેરીને સૂચના આપી વર્ગ-૪ કર્મચારીઓની બદલી રદ કરાવવી જોઈએ.. !!

જે.બી. પ્રાથમિક શાળામાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી

ગાંધીનગર તા. ૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં ગુરૂ પૂર્ણિમાની તથા શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે આર્શિવાદ આપ્યા હતા. ગુરૂભાવના વ્યકત કરી હતી. દરેક વિદ્યાર્થીઓએ શિક્ષકોએ શ્લોકોનું સુમધુર ગાન સાથે શિષ્ટભાવે સ્વ પ્રયત્ને તૈયાર કરેલ પુષ્પ ગુચ્છ આપી આર્શિવાદ મેળવ્યા હતા. વિદ્યાર્થીઓએ ગુરૂ- મહિમાને વ્યકત કરતાં ગીતો વ્યકતવ્યો રજૂ કરેલ હતા.

ભારતીય અને પાશ્ચાત્ય એ બંને સંસ્કૃતિનો સમન્વય કરીને જીવન જીવવામાં આવે તો આ જીવન એક ઉત્સવ બની શકે

પશ્ચિમનું માનસ બહારની તરફ ખોજ કરવામાં અગ્રેસર છે, ભારતીય માનસ અંદરની તરફ ખોજ કરવામાં અગ્રેસર છે

કુદરતે જ્યારે જીવ સૃષ્ટિનું નિર્માણ કર્યું ત્યારે એણે અનેક જીવોનું સર્જન કર્યું - પાણીમાં રહેતા જીવો, હવામાં ઊડતા જીવો, જમીન પર રહેનારા જીવો અને આપણે જેને કુદરતનું ખાસ સર્જન માનીએ છીએ એ જીવ એટલે કે મનુષ્ય.

મનુષ્ય સિવાયના જીવોની શું કોઈ ખાસ સંસ્કૃતિ છે ખરી ? કદાચ આ જીવોનું જીવન એટલે સૃષ્ટિના કર્તાએ આપેલી સુવિધાઓ અને દુવિધાઓને સ્વીકારીને જીવવું એ જ સંસ્કૃતિ. ભારતની ધરતી પર રહેનારા વન્ય જીવો કે પશ્ચિમની ધરતી પર રહેનારા વન્યજીવોને શું ખબર છે કે તેઓ ભારતની કે પશ્ચિમની સંસ્કૃતિ પ્રમાણેનું જીવન જીવે છે ? જરાય નહિ, તેઓ તો માત્ર જીવનને માણે છે. ભારતનો સિંહ અને પશ્ચિમનો સિંહ એક જગ્યાએ ભેગા થાય અને ગર્જના કરે એટલે ખબર પડી જાય કે બંને જાતી એક જ છે. પછી ત્યાં બીજી સમજણની જરૂર નહીં પડતી હોય. પછી તે બંને સિંહો કુદરતનું સર્જન માત્ર બની રહે છે.

પરંતુ કુદરતનું ખાસ સર્જન ગણાતા મનુષ્યની વાત કરીએ તો તેઓ પોતાનું જીવન કુદરતે આપેલા જીવન પ્રમાણે નહિ, પરંતુ એક સંસ્કૃતિની વચ્ચે રહીને જીવી રહ્યો છે. હજુ હમણાંની જ વાત કરીએ તો વેલેન્ટાઈન ડે ગયો, ઘણા ભારતીયો એવું માને છે કે આ દિવસ પશ્ચિમની સંસ્કૃતિનો છે, તો આપણે શું કામ ઉજવીએ ? આપણે તો 'વસંત'ના દિવસો ઉજવવા જોઈએ. પરંતુ મારું માનવું છે કે વેલેન્ટાઈન ડે હોય કે વસંતના દિવસો હોય, અંતે તો ઉજવવાનો તો પ્રેમને જ છે. પ્રેમને વ્યક્ત કરવાના આ દિવસોનું નામ એટલે વેલેન્ટાઈન ડે અને વસંત. અહીં હું કોઈ સંસ્કૃતિ કે કોઈ જીવન જીવવાની પધ્ધતિનો વિરોધ નથી કરી રહ્યો. પરંતુ જો પશ્ચિમની સંસ્કૃતિ અને ભારતની સંસ્કૃતિનો સમન્વય થઈ જાય તો એક નવજીવનનો પ્રારંભ ચોક્કસ થશે. જોકે આ જીવનનો પ્રારંભ તો ક્યારનો થઈ ચૂકેલો જ છે, હું અહીં મારા વિચારોને રજૂ કરી આ જીવન આગળ ધપાવવાનો પ્રયત્ન કરું છું.

પશ્ચિમની સંસ્કૃતિની વાત કરીએ તો પશ્ચિમનું માનસ બહારની તરફ ખોજ કરવામાં અગ્રેસર છે. પશ્ચિમમાં યંત્રની શોધ થયેલી છે, જેને આપણે આધુનિકતા કહીએ છીએ. એટલે કે વિજ્ઞાનની બહુ મોટા પાયે શોધ થયેલી છે. તેઓ જીવનમાં આવનારી દરેક તકલીફો કે સવલતોને વૈજ્ઞાનિક પધ્ધતિઓ દ્વારા જીવે છે. ત્યાંનાં બાળકો જન્મથી માંડી મૃત્યુ સુધી વૈજ્ઞાનિક ઢબથી જીવન જીવે છે. પશ્ચિમનો મનુષ્ય કુદરતની સૃષ્ટિને સમજવા માટે વિજ્ઞાનનો ઉપયોગ કરે છે. પરંતુ, હું એમ કહીશ કે પશ્ચિમનો મનુષ્ય કુદરતની સૃષ્ટિને સમજવા માટે જે પધ્ધતિ અપનાવે છે, તેને આપણે વિજ્ઞાન કહીએ છીએ. અને આવા વિજ્ઞાનીઓ ને ડૉક્ટર, નૉબલ લોરેટ સાયન્ટિસ્ટ, આઉટ સ્ટેન્ડીંગ સાયન્ટીસ્ટથી નવાજીએ છીએ. જો પશ્ચિમના લોકોનાં જીવન તરફ ધ્યાન કરીએ તો તેઓને આપણે ભોગવાદી કહીએ છીએ. ત્યાંનું સંગીત આપણી અંદર એક excitement પેદા કરનારું છે. મારું માનવું છે કે સવારે કામકાજના સમયે આ સંગીત સાંભળવાથી excitement મળે છે, જેથી કામ - કામ નહિ પણ એક મજા બની જાય છે. પશ્ચિમના દેશોના લોકો કુદરતે આપેલા જીવનને સહજતાથી જીવી જાણે છે. અને કદાચ એટલા માટે જ તેઓ કુદરતના વન્ય જીવોની જીવસૃષ્ટિને જાણવા માટે સક્ષમ પણ છે. જે આપણે National Geographical જેવી Channelsમાં જોઈએ જ છીએ. કદાચ ત્યાંના યુવાનો પોતાનું જીવન એક ખોજી તરીકે જીવતા હોય છે અને એ ખોજ નવીન ટેકનોલોજીની હોય, અથવા તો કુદરત પ્રત્યેની ખોજ હોય.

ભારતની સંસ્કૃતિની વાત કરીએ તો ભારતીય માનસ અંદરની તરફ ખોજ કરવામાં અગ્રેસર છે. ભારતમાં મંત્રની શોધ થયેલી છે, જેને આપણે આધ્યાત્મિકતા કહીએ છીએ. એટલે કે અધ્યાત્મની બહુ મોટા પાયે શોધ થયેલી છે. આપણે જીવનમાં આવનારી દરેક તકલીફો કે સવલતોને આધ્યાત્મિક પદ્ધતિ દ્વારા જીવીએ છીએ. અહીંનાં બાળકો જન્મથી માંડી મૃત્યુ સુધી આધ્યાત્મિક ઢબથી જીવન જીવે છે. ભારતનો મનુષ્ય કુદરતની સૃષ્ટિને સમજવા માટે અધ્યાત્મનો ઉપયોગ કરે છે. પરંતુ, હું એમ કહીશ કે ભારતનો મનુષ્ય કુદરતની શક્તિને જાણવા માટે જે પધ્ધતિ અપનાવે છે તેને આપણે અધ્યાત્મ કહીએ છીએ. અને આવા આધ્યાત્મવાદીઓને આપણએ ભગવાન, સંત, ગુરુ, સ્વામી જેવા શબ્દોથી નવાજીએ છીએ. જો ભારતના લોકોનાં જીવન તરફ ધ્યાન કરીએ તો તેઓને આપણે યોગવાદી કહીએ છીએ. ભારતનું સંગીત શાંત સંગીત છે. આપણી અંદર સાંત્વના પેદા કરનારું છે. મારું માનવું છે કે બધું કામકાજ પતાવી સાંજના સમયે નિરાંતે જો આ સંગીત સાંભળવામાં આવે તો અદ્‌ભૂત સાંત્વના મળે છે. જાણે કે અલૌકિક જગતમાં પહોંચી ગયા હોઈએ એમ લાગે છે.

પરંતુ, હું અહીંયા એક નવી સંસ્કૃતિ સમજાવવાનો પ્રયત્ન કરી રહ્યો છું. જોકે અહીં, 'સંસ્કૃતિ' શબ્દ લગાડવો યોગ્ય નહિ ગણાય. એના કરતાં એમ કહેવું વધારે યોગ્ય જણાશે કે અહીં હું 'નૂતન જીવન' સમજાવવાનો પ્રયત્ન કરી રહ્યો છું. એટલે કે બંને સંસ્કૃતિનો સમન્વય. આ નૂતન જીવન ભોગવાદી પણ હોય, યોગવાદી પણ હોય. આ જીવનમાં યંત્રનો પણ ઉપયોગ થતો હોય અને મંત્રનો પણ ઉપયોગ થતો હોય. આ જીવન આધુનિકતાથી પણ જીવાતું હોય અને આધ્યાત્મિકતાથી પણ જીવાતું હોય. આ જીવન બહારની તરફ પણ અગ્રેસર હોય અને અંદરની તરફ પણ અગ્રેસર હોય. એટલે આ જીવનમાં જ્ઞાનનો પણ ઉપયોગ થતો હોય અને વિજ્ઞાનનો પણ ઉપયોગ થતો હોય. આ જીવનને જીવવું એટલે કે પ્રકૃતિએ આપેલા સહજ જીવનને સહજ રીતે સ્વીકારીને જીવવું. જેમ ગુલાબનું ફૂલ ગુલાબી રંગનું પણ હોય, કાળા રંગનું પણ હોય. એટલે કે અલગ અલગ રંગના ગુલાબની પણ અલગ અલગ સુગંધને પણ માણવા જેવી હોય છે. તેવી જ રીતે પ્રકૃતિએ સર્જેલ અલગ અલગ મનુષ્યતા પણ સ્વીકારવા જેવી હોય છે. જો પ્રકૃતિએ માત્ર એક જ પ્રકારનું, એક જ રંગનું, એક જ સુગંધવાળું ગુલાબનું જ સર્જન કરેલ હોત તો કદાચ એ ગુલાબનું જીવન

સંપૂર્ણ શુષ્ક બની ગયું હોત. માટે એવી રીતે જ પ્રકૃતિએ અલગ અલગ મનુષ્યોનું સર્જન કરેલ છે.

અને જો ભૂતકાળમાં થોડુંક ડોકિયું કરીએ તો શ્રી થૉમસ આલ્વા એડિસને બલ્બની શોધ કરી. જેને લીધે સમગ્ર વિશ્વમાં પ્રકાશ ફેલાઈ ગયો. એટલે બાહ્ય જગતમાં પ્રકાશની શોધ કરી. અને જો શ્રીકૃષ્ણ, મહાવીર, બુધ્ધ, રજનીશ આવી વ્યક્તિઓની વાત કરીએ તો એમણે અંતઃજગતમાં પ્રકાશની શોધ કરી. એટલે એમ કહી શકાય કે પાશ્ચાત્ય જગતમાં બહારની તરફ પ્રકાશની શોધ થઈ અને ભારતમાં અંદરની તરફ પ્રકાશની શોધ થઈ.

પાશ્ચાત્ય સંસ્કૃતિ બહારના જગતનતી શાંતિના પ્રયત્નો કરે છે, જ્યારે ભારતીય સંસ્કૃતિ અંદરના જગતની શાંતિ માટે પ્રયત્નો કરે છે. પરંતુ, મારું માનવું છે કે અત્યાર સુધીના આ પ્રયત્નો સંપૂર્ણપણે સફળ થઈ શક્યા નથી. અને એટલા માટે જ હવે પશ્ચિમના લોકો ભારતની મહાન આત્માઓને જાણવા માટે આકર્ષાયા છે. આપણાં મંદિરો, વિવેકાનંદ, મહાત્મા ગાંધી, કૃષ્ણ જેવી આત્માઓને જાણવાનો અને જીવનમાં ઉતારવાનો તેઓ પ્રયત્ન કરી રહ્યા છે અને એવી જ રીતે ભારતીયો પાશ્ચાત્ય સંસ્કૃતિ તરફ આકર્ષાયા છે. મોટા શૉપીંગ મૉલ, સિનેમા ગૃહો, નાઈટ ડાન્સ પાર્ટી વગેરે વગેરે.

અને એટલા માટે જ જો બંને સંસ્કૃતિનો સમન્વય કરીને જીવનને જીવવામાં આવે તો આ જીવન એક ઉત્સવ બની શકે.

Life becomes a celebration !

- જય વસાવડા